# આજે મતદાન : ૨૦ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થશે

## સાબરકાંઠા અને અરવલ્લીના કુલ ૧૭,૯૭,૨૧૧ મતદારો : ૧૪,૨૮૬ ચૂંટણી કર્મચારીઓ તથા ૧૭૯૩ પોલીસકર્મીઓને ફરજ પર તૈનાત કરાશે તાલુકા મથકેથી ઈવીએમ, વીવીપેટ અને અન્ય સામગ્રી મતદાન મથકે પહોંચાડી દેવાઈ : સવારે ૭ થી સાંજે ૬ કલાક સુધી મતદાન કરી શકાશે

હિંમતનગર, તા. ૨૨

લોકસભાની ચૂંટણી સંદર્ભે ગુજરાતની ૨૬ બેઠકો માટે બીજા તબક્કામાં મતદાન થનાર છે, ત્યારે મંગળવારે સાબરકાંઠા બેઠક માટે મતદાન યોજાશે જેમાં બંને જિલ્લાના મળી ૨૩૮૧ મતદાન મથકો ઉભા કરાયા છે. જેમાં બંને જિલ્લાના મળી અંદાજે ૧૭,૯૭,૨૧૧ મતદારો સાબરકાંઠા બેઠક પર ચૂંટણી લડી રહેલા ૨૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ કરી દેશે. ચૂંટણી કામગીરી માટે વહીવટીતંત્ર દ્વારા ૧૩,૨૮૬ કર્મચારીઓને ફરજ સોંપાઈ છે. મંગળવારે સવારે સાતના ટકોરે મતદાન શરૂ થશે જે સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે. ત્યારબાદ મતદાર મથકો પરથી લવાનારા ઈવીએમ તથા વીવીપેટને હિંમતનગર ખાતે પોલીટેકનીકમાંઉભા કરાયેલા સ્ટ્રોંગ રૂમમાં લવાશે.

આ અંગેની વિગત એવી છે કે આ વખતે એટલે કે વર્ષ ૨૦૧૯માં યોજાયેલ લોકસભાની ચૂંટણીમાં સાબરકાંઠા બેઠક પર ૨૦ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા હોવાને કારણે તમામ મતદારો મથકો પર બે ઈવીએમની આવશ્યકતા ઉભી થઈ છે. જેને લીધે વહીવટીતંત્ર માટે આ કામગીરી ખુબજ પડકારરૂપ બની રહી છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં લોકસભાની ચૂંટણી માટે ઉભા કરાયેલ ૨૩૮૧ મતદાર મથકો પર સોમવારે સવારથી જ ચૂંટણીલક્ષી સાહીત્ય અને અન્ય સામગ્રી રવાના કરી દેવામાં આવી હતી.

તંત્રના જણાવાયા મુજબ દરેક મતદાન બુથ પર પાંચથી વધુ



કર્મચારીઓ તથા પોલીસના જવાનોને ફરજ પર મુકાયા છે. તથા મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ ઉમેદવાર કે પક્ષનો એજન્ટ ચૂંટણી પ્રચાર કરી શકશે નહી. મતદાનની તમામ પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરાશે. દરમ્યાન હવામાન વિભાગના જણાવાયા મુજબ મંગળવારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હિટવેવને લીધે ગરમીનો પારો ૪૨ થી વધુ રહેવાની આગાહી કરાઈ છે. ત્યારે તંત્ર દ્વારા પણ લોકોને વહેલુ મતદાન કરવા અપીલ કરાઈ રહી છે. તો બીજી તરફ ચૂંટણી લડી રહેલા ઉમેદવારોના કાર્યકરો તથા ટેકેદારો વધુ મતદાન થાય તે માટે આયોજન કરી રહ્યા છે.

મતદાનના આગલા દિવસે છેલ્લી ઘડીએ મતદારોને મનાવવા માટે રાજકીય પક્ષોના અગ્રણીઓ દ્વારા કતલની રાત હોય તેમ આખી રાત દોડાદોડ કરીને મતદારોને પ્રલોભનો આપવાની એકપણ તક જતી કરવામાં ન આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. બંને જિલ્લામાં ચૂંટણી ન્યાયી અને નિષ્પક્ષ યોજાય તે માટે પોલીસતંત્રને ૨૫૦ વાહનો ફાળવવામાં આવ્યા છે. તથા ૧૭૯૩ પોલીસ કર્મીઓને મતદાન મથકો પર મોકલી દેવાયા છે. મતદાનના દિવસે કામગીરી પર દેખરેખ રાખવા માટે તંત્ર દ્વારા અંદાજે ૫૦૦ થી વધુ વાહનો તૈયાર રખાયા છે. સાથોસાથ મતદાનના સમય દરમ્યાન ઈવીએમ અથવા તો વીવીપેટમાં કોઈ યાંત્રિક ક્ષતિ થાય તો કેટલાક મશીનોને તરત જ મતદાન મથક સુધી પહોંચાડવાની વ્યવસ્થા પણ કરાઈ છે.

સાંજે ૬ વાગ્યા બાદ મતદાન પૂર્ણ થશે અને તરત જ ઈવીએમ તથા અન્ય સાધનસામગ્રીને સરકારી વાહનમાં હિંમતનગર ખાતે આવેલ પોલીટેકનીક કોલેજમાં ઉભા કરાયેલા સ્ટ્રોંગ રૂમમાં લવાશે. ચૂંટણીના દિવસે કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે બંને જિલ્લામાં ૨૯ ચેકપોસ્ટ ઉભી કરાઈ છે. જ્યાંથી પસાર થતા વાહનોનું ચેકીંગ તથા વિડીયોગ્રાફી કરાશે અને તેને ચકાસણી માટે ચૂંટણીપંચમાં મોકલવાનું આયોજન કરી દેવાયું છે.





### અરવલ્લી જિલ્લા ચૂંટણીતંત્ર સજ્જ

સાબરકાંઠા લોકસભા બેઠક આજે મતદાન થવા જઈ રહ્યું છે ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં અને નિષ્પક્ષ ચૂંટણી યોજવા ચૂંટણી તંત્ર સજ્જ બન્યું હતું અને જીલ્લાના ૧૦૫૮ મતદાન મથકો પર જીલ્લા વહીવટીતંત્ર દ્વારા ઈવીએમ અને સાધન સામગ્રી અને સ્ટાફ મોકલી આપવા કામગીરી પૂર્ણ કરી હતી. સાબરકાંઠા લોકસભા બેઠક માટે મતદાન થવાનું છે, જેને લઈને અરવલ્લી જિલ્લા ચૂંટણી પંચ દ્વારા વિશેષ વ્યવસ્થા કરાઈ છે. મોડાસાની સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતેથી ઈવીએમ મશિન મોકલવાની કામગીરી હાથ ધરાઈ હતી. અરવલ્લી જિલ્લામાં કુલ એક હજાર અઠ્ઠાવન મતદાન મથકો ઉભા કરાયા છે. આ માટે કુલ ચાર હજાર બસો બત્રીસ જેટલા ઈવીએમ મશિન મશિન સહિતની સામગ્ર મોકલવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. તમામ બુથ માટે આઠ હજાર જેટલા સુરક્ષાકર્મીઓ પણ તૈનાત કરાયા છે. અરવલ્લી જિલ્લામાં કુલ મતદારો ૭.૬૫ લાખ જેટલા છે. અરવલ્લી જિલ્લામાં સખી મતદાન મથકો પણ ઉભા કરવામાં છે જેમાં બાયડ ખાતે પાંચ, મોડાસામાં પાંચ તેમજ ભિલોડામાં પણ પાંચ મતદાન મથકો સહિત કુલ પંદર સખી મતદાન મથકનો ઉભા કરાયા છે. જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા દિવ્યાંગ મતદારો માટે પણ વિશેષ વ્યવસ્થા કરાઈ છે, તેમને મતદાન મતદાન મથકથી લઈને પરત પહોંચાડવા સહિતની વ્યવસ્થા કરાઈ છે.

## પ્રાંતિજ વહીવટી તંત્ર ચૂંટણી પ્રક્રિયા માટે સજ્જ

ગુજરાતભરમાં યોજાનાર લોકસભાની ચૂંટણીને લઈને સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ ચૂંટણી અધિકારી દ્વારા સંપૂર્ણપણે તૈયારીઓ પૂર્ણ કરી પ્રાંતિજ ચૂંટણી અધિકારી દ્વારા ગરમીને લઈને કુલરની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. કર્મચારીઓને ભોજન આપ્યા બાદ એસટી બસ તથા ઈકોગાડી મારફતે



દેવામાં આવી છે અને ૩૦૫ બુથો ઉપર ૩૦૫ ઈવીએમ મશીન તથા વીવીપેડ સાથે કર્મચારીઓની ટીમો રવાના કરવામાં આવી છે.

૨૦૧૯ની લોકસભાની ચૂંટણીને લઈને પાંચ સાબરકાંઠાના પ્રાંતિજ સહિત તાલુકામાં પણ ૨૩મીના રોજ યોજાનાર ચૂંટણીને લઈને પ્રાંતિજ ચૂંટણી અધિકારી સોનલબા પઢેરીયા દ્વારા ૩૦૫ બુથો માટે ઈવીએમ મશીનોનુ વિતરણ કરવામાં આવ્યું હતું. ૩૦૫ બુથ ઉપર ૩૦૫ ઈવીએમ વીવીપેડ મશીનો સાથે કર્મચારીઓને રવાના કરવામાં આવ્યા હતા. ૩૦૫ પેકી ૬૪ બુથો સંવેદનશીલ છે આ બુથો ઉપર સીપીએફ તેમજ તંત્ર દ્વારા વિડીયોગ્રાફી કરવામાં આવનાર છે જ્યારે ૨૫ બુથો ઉપર વેબ કાસ્ટિંગ કરવામાં આવશે તેમજ ૨૫ બુથો ઉપર માઈક્રો ઓબ્ઝર્વર મુકવામાં આવશે જ્યારે દિવ્યાંગ મતદારો માટે ૧૫ સેકટર મેજિસ્ટ્રેટની નિમણૂક કરવામાં આવી છે. દિવ્યાંગ મતદારોને રિક્ષામાં લવવા લઈ જવામા માટેની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા કરવામાં આવી છે જ્યારે ચૂંટણી પ્રક્રિયામાં પોલીસ વિભાગ દ્વારા બે પીઆઈ, બે પીએસઆઈ, ૧૨૯ પોલીસ કોન્સ્ટેબલ તેમજ હોમગાર્ડ તથા જી.આર.ડી.ના ૧૯૬ અને સીઆરપીએફના-૨૬ જવાનો ચુસ્ત બંદોબસ્ત માટે ખડેપગે ફરજ બજાવશે. ચૂંટણી અધિકારી સોનલબા પઢેરીયા દ્વારા તમામ મતદારોને મતદાન કરવા અપિલ કરવામાં આવી હતી કે દરેક મતદારોએ પોતે પોતાના મતનું મહત્વ સમજી મતદાન કરવા વિનંતી કરી હતી.



### વડગામના નળાસરમાં ૧૦૭ વર્ષના વૃદ્ધા મત આપશે

વડગામ તાલુકાના નળાસર ગામમાં રહેતા દલીબેન લલ્લુભાઈ જાદવ ૧૦૭ વર્ષ ની ઉમરે લોકસભા નું મતદાન કરશે. ત્યારે આ અંગે તાલુકા ના વયોવૃદ્ધ અને સૌથી મોટી ઉંમર વય ની તપાસ વહીવટ તંત્ર દ્વારા ચૂંટણી કાર્ડ પરથી નિકાલી હતી. અને દલીબેન નું વડગામ તાલુકા ચૂંટણી અધિકારી સી.સી. પટેલ, વડગામ મામલતાર આર.સી. ઠાકોર અને વડગામ ટીડીઓ એ.એચ. પરમાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. દલીબેન મંગળવારે લોકસભામાં તાલુકા માં સૌથી મોટી ઉંમરના મતદાર તરીકે તેઓ મતદાર કરશે તેવુ વડગામ ટીડીઓ એ.એચ.પરમારે જણાવ્યું હતું.

## ભિલોડાના ખેરાડી અને મોધરી ગામના પ્રજાજનોએ ચૂંટણી બહિષ્કાર પાછો ખેંચ્યો

ભિલોડા, તા. ૨૨

લોકસભા-૨૦૧૯ની ચૂંટણીની તારીખ જાહેર થતાની ભાજપને ફળે છે કે કોંગ્રેસને તેતો મત ગણતરીના દિવસે જ ખબર પડશે.

બેન્કના વા. ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના વા.ચેરમન ભીખાભાઈ પટેલ,



સાથે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તેમની પડતર માંગણીઓ લઈને ચૂંટણી બહિષ્કારનું એલાન આપતા અને વિરોધ પ્રદર્શન કરતાં રાજકીય પક્ષોમાં દોડધામ મચી હતી. સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટે કી ટક્કર ચાલી રહી છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાના ભાજપ પક્ષના મોવડીમંડળે અને ભાજપ સાથે સંકળાયેલા અગ્રણીઓએ ખેરાડી-માંધરી ગામના ગ્રામજનોને સાથે બેઠક યોજી સમજાવવામાં સફળ રહેતા બહિષ્કાર પાછો ખેંચી લીધો હતો. ભાજપનું ઓપરેશન હાલ તો સફળ રહેતા ભાજપ ગેલમાં આવી ગયું હતું ત્યારે ચૂંટણી બહિષ્કાર

અરવલ્લી જિલ્લામાં ભિલોડાના બે ખેરાડી અને માંધરી ગામોમાં અગાઉ જુદા જુદા પ્રશ્નોને લઈને ચૂંટણી બહિષ્કારનું એલાન અપાયું હતું જે તાજેતરમાં ગ્રામજનો સાથે બેસીને નિરાકરણ મળતા અને આગેવાનોએ દરમિયાનગીરી કરતા બન્ને ગામોના મતદારોએ બહિષ્કાર પાછો ખેંચી લેતા હવે સંપૂર્ણ મતદાન કરવા રાજી થયા છે.

તાજેતરમાં ભિલોડાના ખેરાડી અને માંધરી ગામોના આગેવાનો અને ગ્રામજનો પોતાના ગામમાં મળીને સમજાવટથી આ નિર્ણય લીધો હતો. જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી, ગુણવંતભાઈ ત્રિવેદી, સાબરકાંઠા ખેરાડી ગામના આગેવાનો સાબરડેરીના ડિરેક્ટર જેસિંગભાઈ પટેલ, પૂર્વ સરપંચ અરવિંદાબેન પટેલ, મુખી ઉમાભાઈ ભીખાભાઈ ઠાકોર વગેરે સાથે ગ્રામજનોએ પોતાના પ્રશ્નોની ચર્ચા કરી હતી અને ચૂંટણી એ લોકશાહીનું મહાપર્વ છે ત્યારે મતદાન કરવું દરેક નાગરિકનો અધિકાર છે અને સૌએ આ બાબતનો સ્વીકાર કરી ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી અને આગેવાનોની સમજાવટને અંતે બન્ને ગામના લોકો અને મતદારો હવે આજે ૨૩-૪-૧૯ને મંગળવારે ૧૦૦ ટકા મતદાન કરવાની બાંહેધરી આપી હતી. બંને ગામોમાં થઈ ૪૦૦૦નું મતદાતા નોંધાયેલા છે.

## હિંમતનગર ડીવીજનની ૩૨૯ બસો ચૂંટણી કામગીરી માટે ફાળવાઈ

**એક્સપ્રેસ બસ સેવાને યથાવત રખાઈ : ગ્રામ્ય તથા શહેરી રૂટોની કેટલીક ટ્રીપો રદ કરાઈ**

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા લોકસભા બેઠક માટે મંગળવારે મતદાન થનાર છે ત્યારે એસ.ટી. નિગમ દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી માટે હિંમતનગર એસટી વિભાગીય કચેરી દ્વારા બંને જિલ્લાની મળી અંદાજે ૩૨૯ બસોને રોકવામાં આવી છે. જેના માટે જિલ્લાના ૯ ડેપો દ્વારા સંચાલન થતા કુલ રૂટ પૈકી ૫૦ ટકા રૂટ પરના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને તેને બંધ રખાયા છે. જોકે એક્સપ્રેસ અને ગુર્જરનગરી બસોને ચાલુ રખાઈ છે.

આ અંગે એસટી કચેરીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ તા. ૨૩ એપ્રિલના રોજ લોકસભાની સાબરકાંઠા બેઠક માટે યોજાનાર મતદાન દરમ્યાન સ્ટાફ તથા ચૂંટણીલક્ષી સામગ્રી મતદાન મથકો સુધી પહોંચાડવા માટે એસટી નિગમની બસોને ઉપયોગમાં લેવી અનિવાર્ય છે. ત્યારે સાબરકાંઠાના હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા ડેપોની અંદાજે ૧૩૨ બસો સોમવારે અને મંગળવારે બંધ રહેશે. ઉપરાંત હિંમતનગર ડીવીજનના વિજાપુર ડેપોની ૪૦ બસો તથા માણસા ડેપોની ૩૦ બસો ચૂંટણી કામગીરી માટે ફાળવવામાં આવી છે.

તેજ પ્રમાણે અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ અને ભિલોડા ડેપોની મળી ૧૨૭ બસો પણ રાષ્ટ્રીય કામગીરી એટલે કે ચૂંટણી માટે મોકલવામાં આવી છે. આ વખતે એસટી નિગમે ચૂંટણી માટે જે વાહનોની ફાળવણી કરી છે તેમાં ખુબજ ચોકસાઈ રાખીને એક્સપ્રેસ તથા ગુર્જરનગરીના રૂટોને રાબેતામુજબ રાખીને રોજ અવરજવર કરતા મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તેની ખાસ કાળજી રાખવામાં આવી છે.



હિંમતનગર વિભાગીય કંટ્રોલર પંડ્યાજીના જણાવાયા મુજબ ચૂંટણીલક્ષી કામગીરી માટે જે બસો ઉપયોગમાં લેવાઈ છે તેના માટે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના અંદાજે ૫૦૦ લોકલ રૂટોને બંધ રખાયા છે. તેમ છતાં સોમવારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મુસાફોને કોઈ હાલાકી ભોગવવી પડી નથી.

## પોતાના ડ્રાયવરને મતદાન કરાવવા ગોવાનું એનઆરઆઈ દંપતિ વડગામના ઘોડિયાલમાં આવ્યું

વડગામ, તા. ૨૨

વડગામ તાલુકાના ઘોડીયાલ ગામના વતની પરમાર સવજીભાઈ કેટલાય વર્ષોથી એનઆરઆઈ દંપતિની ગોવામાં ગાડી ચલાવી રહ્યા છે. ત્યારે કેનેડામાં રહેતા આ એનઆરઆઈ દંપતિએ ભારતમાં લોકસભાની ચૂંટણી હોવાથી ફરીથી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી બને તેના માટે પોતાના ગાડીના ડ્રાયવરને ગોવાથી તેના વતનમાં મતદાન કરાવવા માટે ઘોડીયાલ આવ્યા છે.

ગોવાના મૂળ દંપતિ સૂર્યકાંતભાઈ પોપટ છેલ્લા કેટલાય વર્ષોથી



કેનેડા પોતાના ધંધાર્થે રહે છે. અને વડગામ તાલુકાના ઘોડિયાલ ગામના સવજીભાઈ પરમાર આ એનઆરઆઈ દંપતિ જે છે તેમનું મૂળ વતન ગોવા છે અને સવજીભાઈ પરમાર તેમની કેટલાય વર્ષોથી તેમની ગાડીના ડ્રાયવર છે. ત્યારે આ વખતે આ દંપતિ જ્યારે કેનેડાથી ભારત આવ્યું છે ત્યારે લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. જેને લઈ આ દંપતિએ પોતાના સવજીભાઈ પરમાર ડ્રાયવરને મતદાન કરાવવા માટે ગોવાથી બનાસકાંઠાના વડગામ તાલુકાના ઘોડીયાલ ગામે સવજીભાઈને લઈ તેમના વતને આવ્યું છે. ત્યારે આ અંગે સૂર્યકાંતભાઈ પોપટે જણાવ્યું હતું કે અને ફરીથી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે જોવા માગીએ છીએ એટલે વધુમાં વધુ સપોટ મળે તેવી આશા રાખીએ છીએ.

## સાબરકાંઠામાં ગરમીનો પારો ૪૦ને પાર હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર

હિંમતનગર, તા. ૨૨

ઉત્તર ગુજરાત સહીત સાબરકાંઠા જિલ્લામાં આગામી ૫ દિવસ સુધી હિટવેવની અસરો વધુ રહેવાની આગાહી કરાઈ છે ત્યારે સોમવારે બપોર સુધીમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયો જેના લીધે હવામાન વિભાગે ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં સોમવારે યલો એલર્ટ જાહેર કર્યુ છે. તો બીજી તરફ તા. ૨૩ એપ્રિલને મંગળવારે ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી જવાની શક્યતા દર્શાવાઈ રહી છે. ત્યારે લોકશાહીના મહાપર્વ નિમિત્તે ચૂંટણીમાં વહેલુ મતદાન કરવા માટે લોકોએ આગળ આવવું જોઈએ. તથા જ્યારે ગરમી વધુ પડતી હોય ત્યારે લોકોએ પણ તેનાથી બચવા માટે જરૂર સિવાય બહાર નીકળવાનું ટાળવુ જોઈએ.

સાબરકાંઠામાં જિલ્લામાં અત્યારે વૈશાખી વાયરા ફુંકાવાનું ચાલુ થઈ ગયું છે. ત્યારે સોમવારે બપોર થતાની સાથે જ રસ્તાઓ પર વાહનોની અવરજવર ઓછી થઈ જવા પામી હતી. તો બીજી તરફ મંગળવારે મતદાન હોવાને લીધે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સહીત વહીવટીતંત્ર દ્વારા તમામ મતદાન મથકો પર છાયડાની વ્યવસ્થા કરવામાં લાગી ગયા છે. સોમવારે બપોર થતાની સાથે જ રસ્તાઓ સુમસામ થઈ ગયા હતા.

તો બીજી તરફ આગામી પાંચ દિવસ સુધી ગરમીનો પારો ૪૨ ડિગ્રીને પાર કરી જશે તેવી હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ છે. ત્યારે લોકોએ પણ સાવચેત રહેવાની જરૂર છે. સોમવારે ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી જતા હવામાન વિભાગ દ્વારા સાબરકાંઠામાં યલો એલર્ટ જાહેર કરાયુ છે. જોકે ગરમી વધતાની સાથે જ ગરમ પવન ફૂંકાવાને લીધે લોકોએ લૂ નો અહેસાસ કર્યો હતો.

મંગળવારે ચૂંટણીનું મતદાન થનાર હોવાથી રાજકીય પક્ષો તથા વહિવટીતંત્ર ઓછુ મતદાન ન થાય તે માટે વિવિધ આયોજનો કરી રહ્યા છે અને લોકોને ઠંડા પહોરમાં મતદાન કરવા માટે અપીલ પણ કરી રહી છે. દરમિયાન સાબરકાંઠા જિલ્લામાં શનિવાર સુધી ગરમીનો પ્રકોપ વધુ રહેવાનો હોવાથી આરોગ્ય વિભાગે પણ લોકોને ગરમીથી બચવા માટે સાવચેત રહેવા તાકીદ કરી છે તથા વધુ પાણી પીવાનો આગ્રહ રાખવા જણાવ્યુ છે. બુધવારથી શનિવાર સુધી સાબરકાંઠામાં ગરમીનો પારો ૪૩ ડિગ્રીને પાર કરી જવાની સંભાવના દર્શાવાઈ રહી છે. ત્યારે લોકોએ જરૂર પુરતુ બહાર નિકળવુ જોઈએ.

## ભિલોડા તાલુકાના વાઘેશ્વરી ગામ પાસે બે બાઈક ટકરાતાં એક મોત

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાઘેશ્વરી ગામ પાસે બે બાઈક સામસામે ધડાકાભેર ટકરાતાં એક ઈસમનું અકસ્માત દરમ્યાન મોત નિપજ્યું જ્યારે બાઈક ઉપર પાછળ બેઠેલા એક ઈસમ ઘવાયા હતાં તેઓને સારવાર અર્થે કોટેઝ હોસ્પિટલમાં ખસેડાયા હતા. વાઘેશ્વરી ગામ પાસે યામાહા ક્રક્ષ બાઈક નંબર.જી.જે.૯.એ.જે.૮૯૯૬ અને હિરો હોન્ડા સીડી ડીલક્ષ બાઈક નંબર. જી.જે.૧. એલ.જી.૯૩૨૯ ટકરાતાં ભિલોડા માલાવાવ વિસ્તારના સેન્ટીંગના ધંધા સાથે સંકળાયેલા અળખાભાઈ સોમાભાઈ મારીવાડ (આશરે ઉંમર વર્ષ-૫૫) જેઓનું અકસ્માત દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું. બાઈક ચાલકનો મૃતદેહ કોટેઝ હોસ્પિટલમાં પી.એમ. અર્થે લવાતાં સગાં-સબંધીઓના ટોળેટોળા એકત્રીત થઈ ગયા હતા.